Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
अब तो एक ही आग ''जन फरियाद''
now on Internet www.janfariyad.com
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-35 ■ તા. 27-08-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## પાટનગર તર્ક વિતર્ક

ધર્મ સ્થાનો ને રાજકીય અખાડો બનાવનારા આપણા ભગવા મુસ્લિમ જમાયી પરિવાર મા બનાવી ચૂકેલા હિન્દૂ રાષ્ટ્ર ના સ્વપ્નો જનતાને બતાવી સત્તા પર આવ્યા ને છેતરપિંડી કરી.

-પ્રદીપ રાવલ

### અધર્મ બને છે રાજધર્મ

એક ધાર્મિક નેતાને બળાત્કારના કેસમાં સજા થતાં ભારતના અનેક શહેરોમાં અરાજકતા ઊભી થઈ છે. આ ધાર્મિક નેતાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરમાં આભાર માનેલો હતો. ચૂંટણીમાં જાહેર મંચ પરથી વંદન કર્યાં હતા. દેશ જ નહીં ગુજરાતમાં ધાર્મિક નેતા અને રાજનેતાઓ સંપીને રહે છે. એક બીજાને સતત મદદ કરતાં રહે છે. વોટ અને નોટ વચ્ચે કારોબાર ચાલતો રહ્યો છે. કૃષ્ણના આગમનથી લઈને સ્વામીનારાયણ સુધીની ગુજરાતની ધાર્મિક સફર આધ્યાત્મિક રસ્તે લઈ જાય છે. પણ તેમના અનુયાયી ધર્મનો આંચળો ઓઢીને લીલા, ભગવા, સ્વેત, પીતાંબર, કાળા કપડા ઉતારીને ધર્મ સાથે છેતરપીંડી કરે છે. તેઓ હંમેશા રાજનેતાઓને પોતાની ધાર્મિક જગ્યાએ આવવા પ્રેરે છે. પછી તે નેતાઓના નામને લોકોમાં વટાવે છે. તે નેતા ભક્ત હોવાનો પ્રચાર તેમની ભક્તોમાં કરે છે. પછી તે ધાર્મિક નેતા રાજ નેતાને મત અપાવે છે. છેલ્લું જાણીતું ઉદાહરણ આશારામ છે. તેમની શરણે ભાજપના ટોચના નેતા ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના વયોવૃધ્ધ નેતા લાલકૃષ્ણ અડવાણી પણ તેમને વંદન કરી આવેલાં છે. આ એજ ધાર્મિક નેતા છે કે જેમણે પોતાના અનુયાયને મતબેંકમાં ફેરવી દીધી હતી. આજે ગુજરાતમાં મોટાભાગના જાહેર સંતો કે મુલ્લા મતબેંક બની ગયા છે. ચૂંટણી સમયે તેઓ ખેલ પાડી શકે છે. ૩૦ વર્ષમાં બે હજારથી વધારે હિંદુ મુસ્લિમ, ક્રિશ્ચિયન સેતાનો પકડાયા છે. જેમાં એક જ સંસ્થાએ ૧૧૦૦ ધાર્મિક સેતાનોની છેતરપીંડી ખુલ્લી પાડી છે. આ સમય ગાળા દરમિયાન ૩૦૦૦ થી વધારે માતાજીના નામે ધૂણતા લોકોને પકડીને તેના કરતૂત ખુલ્લા પાડ્યા હોવાનું સત્તાવાર રીતે નોંધાઈ ચૂક્યું છે. અટલ બિહારી વાજપાઈએ રાજધર્મ નિભાવવાની સલાહ નરેન્દ્ર મોદીને આપી હતી.

### ધર્મમાં રાજકારણનો છેલ્લો દાખલો

ભાજપના ટોચના બે નેતાઓનો તાજેતરમાં એકાએક ભુવા અને ડાકલા વગાડનારાઓ ઉપર પ્રેમ ઊભરાઈ ગયો હતો. બે મહિના પહેલાં આત્મારામ પરમાર અને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પોતાનાં જ પક્ષને આને પોતાને જીતાડવા માટે ૫૦૦ ભુવાનું સન્માન કરવાની જાહેરાત કરી હતી. તેમાં ૩૫૦ જેટલાં ભુવા આવ્યા હતા અને તમામને શાલ ઓઢાડીને સન્માનિત કરી પીઠ થાબડી હતી. ભાજપ સરકારના સૌથી વરિષ્ઠ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એવું કહ્યું કે, ''ભુવા સમાજ સેવા કરે છે. તેથી સન્માન કરાય છે.'' આ નિવેદન તેમણે એટલા માટે કરેલું હતું કે, ભુવા અને ભરાડી ગામ, સમાજ, જ્ઞાતિ પર પકડ જમાવેલી છે. તેઓ મોટો અનુયાયી વર્ગ ધરાવે છે. ખરેખર તો શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ શિક્ષકોનું સન્માન રાખવું જોઈતું હતું. પણ શિક્ષક ઢોંગી લોકોને મત આપી કે અપાવી શકતાં નથી. ભુવાનું સન્માન કરવાની રાજનેતાની આ ચાલ સ્થાનિક લોકો તુરંત સમજી ગયા હતા. ભુવાને સન્માનિત કરવાનો વિરોધ કર્યો હતો. આ બન્ને નેતાઓના એક પછી એક પુતળાં પણ બાળ્યા હતા અને રેલી કઢી લોકોએ વિરોધ કર્યો હતો. જો કે ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા આમેય ધાર્મિક સંસ્થા વહીવટદારો અને સરકાર વચ્ચે ધાર્મિક અને રાજકીય સુમેળ સ્થાપવા માટે વર્ષોથી કામ કરી રહ્યાં છે. નરેન્દ્ર મોદીએ સદભાવના ઉપવાસનું ત્રાગું કર્યું હતું, ત્યારે ધાર્મિક નેતાઓ આવે તે માટે મોટી ભૂમિકા ભૂપેન્દ્રસિંહે ભજવી હતી. બોટાદની કેટલીક સંસ્થા મુખ્ય મંત્રીને આ કિસ્સા માટે મળવા માટે છેલ્લાં બે મહિનાથી સમય માંગી રહી છે. મુખ્યમંત્રી તેને સમય આપવાનું ટાળી રહ્યાં છે. કારણ કે જો મળે તો મત બેંક જતી રહે તેમ છે. વિરોધ કરનારાઓના મતો કેટલાં ? ગાંધીનગરમાં દરેક માણસની કિંમત ચૂંટણીના મતથી આંકવામાં આવે છે.

### ગાંધીનગરનું સ્વામીનારાયણ મંદિર

ગાંધીનગરનું સ્વામીનારાયણ મંદિર જગ વિખ્યાત બની ગયું છે. આ મંદિર પર ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. પણ મંદિર કાયદાને કઈ રીતે ઘોળીને પી ગયું છે તે પણ જાણવા જેવું છે. ભારતમાં ધાર્મિક સંસ્થાઓ કાયદાને બહુ ઓછું માન આપે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ મંદિરની જમીન સરકારે સસ્તામાં આપી છે. જમીન આપતાં પહેલાં જે શરતો મૂકેલી તેનો ભંગ મંદિર કરી રહ્યું છે. જમીન પર વેપાર થઈ શકે નહીં એવી એક જોગવાઈ છે. પણ અહીં મોટી પ્રવેશ ફી અને રેસ્ટોરાં ચલાવવામાં આવી રહ્યાં છે. આ જમીનનો શરત ભંગ થયો હોવાથી સરકાર હસ્તક લેવી જોઈતી હતી. પણ તેમ થયું નથી. તેમનો બચાવ ભાજપ રાષ્ટ્રીય પ્રમુખે પોતે કર્યો છે. પછી તો તેઓ એક વર્ષ પૂર્વે સાળંગપુર જઈને આવી ચૂંટણીમાં મદદ કરવા માટે શરણે પણ જઈ આવ્યા છે. આમેય સ્વામીનારાયણના મોટા ભાગના ફિરકાઓમાં અનેક યૌન શોષણ અને અનેક બાળકો સાથે સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય બહાર આવ્યા છે. રાજકોટ શાખાના સ્વામીનારાયણ ગુરૂકુલને અમદાવાદના ડ્રાઈવ ઈન રોડ પર સ્વામીનારાયણ ગુરૂકુલને જેની પાસેની કરોડો રૂપિયાની જમીન આપવાની દરખાસ્ત કોંગ્રેસ શાસીત અમદાવાદ જિલ્લા પંચાયતમાં થઈ છે. ધર્મના નેતા અને રાજ નેતા એક બીજાના પૂરક બની રહ્યાં છે. જેમાં પ્રજાની સંપત્તિ ધર્મના ઠેકેદારો તરફ જઈ રહી છે. સમગ્ર ગુજરાતમાં આવી હજારો એકર સરકારી જમીન ધર્મના ઠેકેદારો પાસે હસ્તાંતરીત થઈ ચૂકી છે.

### ચેરીટી કમિશનરનું ચીટીંગ

ચેરીટી કમિશનરની જવાબદારી જાહેર ટ્રસ્ટની પર નજર રાખવાની છે. તેના હિસાબ તપાસીને નાણાકીય કે આર્થિક ગોલમાલ બહાર લાવવાની છે. આજ સુધી ચેરીટી કમિશનરે આવી સક્રિય ભૂમિકા ભજવી હોવાનું બહાર આવ્યું નથી. ધર્મના નામે ભ્રષ્ટાચારની શરૂઆત જ ચેરીટી કમિશનર કચેરીથી થાય છે. અહીં તમામ ધાર્મિક ટ્રસ્ટોની નોંધણી થાય છે. દરેક મંદિર, મસ્જિદ કે ચર્ચના ટ્રસ્ટો અહીં પોતાની વિગતો આપે છે. આવક અને જાવકના હિસાબ અહીં આપે છે. ચેરીટી કમિશનર એ બની શકે છે, કે જે જાણીતી ધાર્મિક સંસ્થાના વડાઓના કે રાજનેતાઓના ચરણ સ્પર્શ કરી શકે. કોઈની સામે તપાસ કરીને તે ધાર્મિક સંસ્થાની સામે પગલાં લીધા હોય એવો કોઈ જાણીતો દાખલો પૂરો પાડ્યો નથી. માત્ર નોટિસ આપવામાં આવે છે, અહીં જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે એ પારાવાર છે. જે સંસ્થાનું કામ કાયદા પાલનનું છે એ સંસ્થા જ ધાર્મિક નેતાઓની ગુલામ બની ગઈ છે. ગાંધીજીનાં ગાંધી આશ્રમની મિલકતો પચાવી પાડનાર પ્રધાન પુત્રી સામે જો ચેરીટી કમિશનર કંઈ કરી શકતાં ન હોય તો, આ તો ધાર્મિક મામલો છે. માનવ અધિકાર પંચનું પણ આવું જ છે. આ પંચનું કામ છે લોકોને તેના માનવીય હક્ક આપવાનું પણ માનવ અધિકાર પંચ તો રાજકારણીઓને મદદ કરીને નિવૃત્ત થયેલ અધિકારીઓને ફરીથી કહ્યાગરી નોકરીએ રાખવાનું સાધન છે.

### અંધશ્રધ્ધા સામેનો કાયદો

અંધશ્રધ્ધા સામેનો કાયદો ગુજરાત વિધાનસભામાં સંનિષ્ઠ ધારાસભ્યો વારંવાર લાવ્યા છે. પણ તે ક્યારેય પસાર કરાતો નથી. તેને બહુમતીથી ભાજપ ફગાવતી આવી છે. લોકોમાં અંધશ્રધ્ધા વધે તેમ દરેક સરકાર ઈચ્છતી આવી છે. જો લોકો અંધ બને તો જ રાજકીય નેતા કહે તેમ કરે. તેથી અંધ બનાવવાનું કામ સરકાર પોતે કરી રહી છે. સરકારનું પ્રથમ કામ છે, કાયદાનો અમલ કરવો અને લોક કલ્યાણ માટે કાયદા બનાવવા. કેટલાંક રેસનાલીસ્ટ ગુજરાત ભાજપના પૂર્વ મુખ્ય મંત્રીને એક અસરકારક કાયદો બાનાવીને મોકલાવેલો હતો. તે અંગે તેઓ મળીને કાયદો કઈ રીતે અસરકારક બની શકે તેમ છે તે સમજાવવા માંગતા હતા. ભાજપના મુખ્યમંત્રી દ્વારા તેમને ક્યારેય સમય આપવામાં ન આવ્યો. કારણ સીધું ને સટ છે, અધર્મ સામે લડનાર થોડા હોય છે પણ ધાર્મિક ગુરુને અનુસરનાર વધારે હોય છે. રાજનેતા ત્યાં જ જાય છે જ્યાં થોકબંધ મત મળે છે. ધર્મને મત બેંક બનાવી દેવામાં આવી છે. કાયદાનું શાસન હવે રહ્યું નથી. જ્યાં કાયદો જ અમલી રહેતો ન હોય ત્યાં અધર્મ અને અરાજકતા જન્મ લેતી હોય છે. ભારતમાં ધર્મ, રાજકારણ અને પછી કાયદાને માન આપવામાં આવે છે. કાયદો બનાવનાર ધારાસભ્યો જ કાયદાને માન આપતાં નથી. જ્યાં સુધી લોકો કાયદાને પહેલા ક્રમે નહીં માને ત્યાં સુધી ધર્મ પહેલાં રહેશે. માફિયા રાજ, ગુંડાગીરી, સમાજ વિરોધી કૃત્ય આચરનારા ધર્મને પણ પોતાનો હાથો બનાવીને કાયદો તોડીમરોડી રહ્યાં છે. જ્યાં સુધી લોકો કાયદાને નહીં માને ત્યાં સુધી ધર્મ અને રાજ સત્તા તેમના પર રાજ કરવાની છે. કોર્ટમાં ધર્મ અને ધર્મના નેતા સામેના જે કેસ ચાલે છે તેમાં ન્યાય તો માત્ર એક ટકો લોકોને મળે છે. પછી તે જ ધર્મના ઠેકેદાર કોર્ટ સામે પણ ગુંડાગીરી કરે છે. ધાર્મિક નેતાને આળપંપાળની નીતિ ૧૯૮૦થી ગુજરાતમાં વધી છે. ધાર્મિક નેતાઓની અવળચંડાઈ લોકશાહી માટે ખતરો બની રહી છે.

### ગુજરાતમાં ૪૦ હજાર ધાર્મિક સ્થળોનો વધારો

પંજાબ અને રાજસ્થાન પછી ગુજરાત એવું મોટું રાજ્ય છે કે જ્યાં ધાર્મિક સ્થાનો વધારે છે. મહારાષ્ટ્ર અને બીજા મોટા રાજ્યોમાં ઘણાં ઓછા ધાર્મિક સ્થળ છે. ગુજરાતમાં ૨૦૦૧ની વસતિ ગણતરી થઈ ત્યારે ૧,૪૨,૧૩૫ ધાર્મિક સ્થાનો હતા. જે રાજ્યના કુલ મકાનો કે મિલકત સામે ૧.૩૦ ટકા થવા જાય છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૧,૧૦,૦૭૯ ધાર્મિક સ્થાન હતા. જે કૂલ મકાનની સામે ૧.૭૦ ટકા છે. જ્યારે શહેરી વિસ્તારોમાં ૩૨,૦૫૭ ધાર્મિક સ્થાનો હતા અને કુલ મકાનની સામે તેનું પ્રમાણ ૦.૮૧ ટકા હતું. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧,૮૧,૮૫૪ ધાર્મિક સ્થળ છે. ૧૦ વર્ષમાં ૩૯૭૧૯ ધાર્મિક સ્થળ વધ્યા છે. કુલ ઘર ૧.૭૫ કરોડ હતા ભારતમાં ગુજરાતનો હિસ્સો મકાનમાં ૫.૩૦ ટકા છે, પણ ધાર્મિક સ્થાનોમાં ગુજરાતનો હિસ્સો ૬.૦૪ ટકા છે. તેનો મતલબ એ થયો કે ભારતમાં સૌથી વધારે ધાર્મિક સ્થળો ગુજરાતમાં છે. ગુજરાતમાં દર વર્ષે ૪ હજાર નવા ધાર્મિક સ્થાનો બની રહ્યાં છે. શાળા અને કોલેજનો ભારતમાં ગુજરાતનો હિસ્સો ૪.૪૨ ટકા છે. આમ આપણી સંપત્તિ ધાર્મિક સ્થળ તરફ વધી રહી છે. પણ શિક્ષણ આપતાં મકાનો એટલાં વધતાં નથી.

### ચૂંટણીમાં ધર્મયુદ્ધ

લોકશાહીમાં ચૂંટણી એ ધર્મયુદ્ધ હોય છે. પણ રાજ નેતા અને ધર્મ નેતા મતદાર પોતાની બેંક માની લે છે. જેનો ભોગ પ્રજા બની રહી છે. ચૂંટણી આવી રહી છે ત્યારે ધાર્મિક સેવા વૃત્તિ વધશે. નવરાત્રી હોય કે ઉર્ષ હોય કે પછી તાજીયા હોય. મત અંકે કરવા નેતા લાળ પાડે ત્યારે લોકો સમજી જતાં હોય છે કે, તેઓ મતની ભીખ માંગ કરવા આવ્યા છે.

દિલીપ પટેલ

## દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં હજુ અજંપાભરી શાંતિ

# ડેરા હિંસાના એક દિવસ બાદ સ્થિતી હજુ પણ વિસ્ફોટક છે

## રેપના કેસમાં બાબા ગુરમીત રામ રહિમને જેલ હવાલે કરાયા બાદથી જારરી હિંસામાં હજુ સુધી ૩૨ના મનોત : ૩૦૦થી વધુ ઘાયલ : અનેક ટ્રેનો રદ થઈ

નવી દિલ્હી,

રેપના કેસમાં ડેરા સચ્ચા સૌદાના વડા બાબા ગુરમીત રામ રહીમ સિંહને પંચકુળાની ખાસ સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા બાદ અને તેમને કસ્ટીમાં લઈ લેવાયા બાદ શરૂ થયેલી હિંસાનો દોર મોડી રાત્ર સુધી જારી રહ્યો હતો. બાબાના સમર્થકો હિંસા પર ઉતરી આવ્યા હતા. વ્યાપક હિંસા ફેલાવી હતી. હિંસાના કારણે દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને હરિયાણા સહિત પાંચ રાજ્યો હચમચી ઉઠ્યા છે. આગ, ગોળીબાર, હિંસામાં હજુ સુધી મોતનો આંકડો વધીને ૩૨ ઉપર પહોંચી ગયો છે. ઓછામાં ઓછા ૩૨ જેરા સમર્થકો માર્યા ગયા છે. ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હવે સ્થિતી તમામ જગ્યાએ કાબુમાં હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. એકલા પંચકુલામાં ૨૮થી વધુના મોત થઈ ગયા છે. તમામ જગ્યાએ સુરક્ષા જવાનો અને પોલીસ તેમજ સેનાના જવાનો મોરચા સંભાળી ચુક્યા છે,સિરસામાં ડેરાના ત્રણ સમર્થકો માર્યા ગયા છે. તેમના આશ્રમની સાધ્વી પર રેપના કેસમાં આરોપીને ૧૫ વર્ષ બાદ દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હિંસા શરૂ થઈ હતી. પંચકુલા અને ચંદીગઢમાં સરકારી હોસ્પિટલમાં તબીબોએકહ્યુ છે કે મોતનો આંકડો વધુ ઉપર જઈ શકે છે. કારણ કે કેટલાકની હાલત ગંભીર છે. સ્થિતી સંપૂર્ણ કાબુમાં હોવાનો દાવો હાલમાં કરવામાં આવી રહ્યો છે. રામ રહીમના સંદર્ભમાં ચુકાદો આવ્યા બાદ દિલ્હી અને ઉત્તર પ્રદેશની સરહદો ઉપર એલર્ટની જાહેરાત પહેલાથી જ કરી દેવામાં આવી હતી.

ભટિંડા, સંગરુર અને પટિયાલામાં સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી છે. હરિયાણાના પંચકુલમાં પણ સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી હતી. હિંસા ફેલાયા બાદ સેનાની છ ટુકડીઓ પણ તૈનાત કરી દેવામાં આવી છે. સિરસામાં પણ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવામાં આવી હતી. રેપિડ એક્શન ફોર્સના જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા છે. પંજાબ અને હરિયાણામાં અનેક જગ્યાઓએ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સરકારી ભવનોમાં હિંસક દેખાવકારોએ આગ ચાંપી દીધી હતી. માનસા, ફિરોઝપુરમાં સંચારબંધી લાગૂ કરી દેવામાં આવ્યા બાદ સ્થિતી હવે કાબુમાં છે. દેખાવકારોને કાબૂમાં લેવા પોલીસે ટીયરગેસના સેલ છોડવાની અને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. ઉગ્ર દેખાવકારોના પથ્થરમારાના કારણે સ્થિતિ બેકાબૂ બની ગઈ હતી. પંચકુલા કોર્ટની બહાર ચારેબાજુ વ્યાપક હિંસા થઈ હતી. આ અગાઉ સિરસાથી પંચકુલા સુધીના ૨૫૦ કિલોમીટરના માર્ગ ઉપર તેમના સમર્થકો અને અનુયાયી લોકોએ પોલીસ અને વહીવટીતંત્રની તમામ વ્યવસ્થા છતાં તોફાનો કર્યા હતા. સમગ્ર પ્રદેશમાં કલમ ૧૪૪ બિલકુલ બિનઅસરકારક દેખાઈ હતી. પંજાબ અને હરિયાણામાં ભારે હિંસા ભડકી ઉઠી હતી. વાહનો ફૂંકી મારવામાં આવ્યા હતા. સૌથી વધારે અસરગ્રસ્ત પંચકુલામાં સેનાની તૈનાતી કરવામાં આવી છે. દિલ્હી, પંજાબ અને હરિયાણાના મુખ્યમંત્રીઓએ શાંતિ જાળવી રાખવાની લોકોને અપીલ કરી છે. ચુકાદાને લઈને કોઈ પણ હિંસા ન થાય તે માટે પણ પગલા લેવામાં આવ્યા હતા છતાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. હિંસાની આશંકાને ધ્યાનમાં લઈને ગઈકાલે જ હરિયાણા અને પંજાબમાં હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. હરિયાણાની સરહદને સીલ કરી દેવામાં આવી હતી. મોટી સંખ્યામાં અર્ધલશ્કરી દળોને એલર્ટ રાખવામાં આવ્યા હતા. ઉત્તર રેલવેએ શુક્રવારના દિવસે પંજાબ તરફ જતી ૨૨ ટ્રેનોને રદ કરી દીધી હતી.હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે તમામ મંત્રીઓ અને ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં રહેવાની સલાહ આપી હતી. સરકારે સ્થિતિને ધ્યાનમાં લઈને મોબાઈલ ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મુકી દીધો હતો. સોશિયલ મિડિયાને પણ પ્રતિબંધિત કરવાનો નિર્ણય કર્યો હતો. ગુરમિત રામ રહીમના આશરે બે લાખ સમર્થકો પહેલાથી જ પંચકુલા અને બંને રાજ્યો તથા આસપાસના વિસ્તારોમાં પહોંચી ગયા હતા. ગઈકાલે ગુરુવારના દિવસે જ હરિયાણા રોડવેઝે ચંદીગઢ અને પંચકુલા વચ્ચેની બસો બંધ કરી દીધી હતી. ચંદીગઢથી ૪૫ કિલોમીટરના અંતરે સ્થિત અંબાલા શહેરમાં કોઈપણ પ્રકારની સરકારી, ખાનગી અને અન્ય વાહનોને મંજુરી અપાઈ ન હતી. પંજાબમાં પણ આવા જ પગલા લેવાયા આવ્યા હતા. ભટિંડા, ફરિદકોટ અને ફજિલકામાં સાવચેતીના પગલા લેવાયા હતા. ખુલ્લા પેટ્રોલ અને ડિઝલના વેચાણ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. હરિયાણામાં ત્રણ દિવસ સુધી સ્કૂલ કોલેજોને બંધ રાખવાનો આદેશ કરાયો હતો. બસની અવરજવર બંધ કરાઈ છે. અધિકારીઓની રજા રદ કરાઈ હતી. પંજાબ રોડવેઝને પણ બસ ન દોડાવવાની સૂચના અપાઈ હતી.

## અરુણ જેટલી ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ તરીકે વધુ સક્રિય રહેશે

# ગુજરાત ચૂંટણીને લઈને મોદી વધુ સક્રિય : વિશ્વાસુઓને જવાબદારી

## જેટલીની મદદ કરવા માટે વધુ ચારને પણ મહત્વપૂર્ણ જવાબદારી : વતન રાજ્યમાં શાનદાર દેખાવ કરવા માટેની આક્રમક તૈયારી હાથ ધરવામાં આવી

નવીદિલ્હી,

ગુજરાત સહિતના રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે સંપૂર્ણપણે કમરકસી લીધી છે. આના ભાગરુપે બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સૌથી વધુ સક્રિય દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને નરેન્દ્ર મોદી કોઈપણ જોખમ લેવા માટે તૈયાર નથી. ગુજરાતમાં શાનદાર દેખાવ કરવાના હેતુસર ચૂંટણીને ધ્યાનમાં લઈને મોદીના ખાસ લોકો ચૂંટણી ટીમમાં ગોઠવી દેવામાં આવ્યા છે. ચૂંટણી ટીમના કોર સભ્યો મોદીના હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ ૨૦૧૪ બાદથી ગુજરાતને લઈને મોદી કોઈ જોખમ લઈ રહ્યા નથી. હજુ સુધી પાર્ટી પ્રમુખ અમિત શાહ દ્વારા ગુજરાત સંબંધિત નિર્ણય લેવામાં આવી રહ્યા હતા પરંતુ હવેમોદી પણ સક્રિય થયા છે. રાજ્યસભાની ચૂંટણી વેળા અમિત શાહે તમામ તાકાત લગાવી હોવા છતાં અહેમદ પટેલની જીતના પરિણામ સ્વરુપે ભાજપ હવે વધુ સાવધાનીપૂર્વક આગળ વધવા ઈચ્છુક છે. ગુજરાતમાં ચૂંટણીને ધ્યાનમાં લઈને મોદીએ હવે તેમના સૌથી વિશ્વાસુ કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીને મુખ્ય જવાબદારી સોંપી દીધી છે. આ ઉપરાંત ગુજરાતની તમામ બાબતો ઉપર ધ્યાન આપવા ચાર સિનિયર પ્રધાનો અરુણ જેટલીની મદદ કરશે. અરુણ જેટલી પહેલાથી જ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે છે. પોતાના વતન રાજ્ય ગુજરાતમાં વિધાનસભાની આગામી ચૂંટણી માટે ચૂંટણી ઈન્ચાર્જ તરીકે અરુણ જેટલી રહેશે. નાણામંત્રી અને સંરક્ષણમંત્રી અરુણ જેટલી ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ તરીકે નિમ્યા બાદ તમામ બાબતો પર તેઓ નજર રાખશે. તેમના નજીકના વિશ્વાસુ અને કેન્દ્રીયમંત્રીઓ નરેન્દ્રસિંહ તોમર, નિર્મલા સીતારામન, જીતેન્દ્રસિંહ, પીપી ચૌધરીને પણ મોટી જવાબદાર ગુજરાતમાં સોંપવામાં આવી છે. વર્ષ ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણી દરમિયાન સૌથી પડકારરુપ સ્થિતિનો સામનો કરી ચુકેલા જેટલી તરફ મોદી હવે વધુ આધાર રાખવા જઈ રહ્યા છે. તોમર, સીતારામન, ચૌધરી મોદીના મજબૂત સમર્થકો તરીકે રહ્યા છે. આ ટીમની રચના અસરકારક સાબિત થઈ શકે છે. ભાજપના નેતાઓ ગુજરાતમાં શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ચૂંટણી માટે ભાજપની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે. ભાજપ દ્વારા હવે ૨૩મીથી ૨૫મી સપ્ટેમ્બર દરમિયાન તેની રાષ્ટ્રીય કાઉન્સિલની બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણી માટેની વ્યૂહરચના, સંસ્થાકીય બાબતો, પક્ષના માળખાને મજબૂત કરવા અને અન્ય નિર્ણયો આ બેઠકમાં લેવામાં આવે તેવી શક્યતા છે.હિમાચલ, કર્ણાટકમાં પણ ચૂંટણી ઈન્ચાર્જની નિમણૂંક કરી દેવામાં આવી છે. એચઆરડી પ્રધાન પ્રકાશ જાવડેકર કર્ણાટકના ચૂંટણી ઈન્ચાર્જ રહેશે જ્યારે ઉર્જા મંત્રી પિયુષ ગોયલ સહ ઈન્ચાર્જ તરીકે રહેશે. સામાજિક ન્યાય પ્રધાન થાવરચંદ ગહેલોત હિમાચલ પ્રદેશમાં ભાજપના ઈન્ચાર્જ તરીકે રહેશે.

### શિવેન્દ્ર ગુપ્તાને કુલપતિ બનાવવા સંઘે કર્યુ હતુ દબાણ

સુરત,

સુરત સ્થિત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે શિવેન્દ્ર ગુપ્તાની નિમણૂંકને લઈને વિવાદ સર્જાયો છે. શિવેન્દ્ર ગુપ્તાને કુલપતિ બનાવવા માટે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા સર્ચ કમિટી પર દબાણ કરાયુ હોવાનો અને આ માટે સર્ચ કમિટીએ યુજીસીની ગાઈડલાઈનનો ભંગ કર્યો હોવાનો ખુલાસો થવા પામ્યો છે. યુજીસીના નિયમ મુજબ ઓછામાં ઓછા ૧૦ વર્ષનો ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં ટીચિંગનો અનુભવ ધરાવતો વ્યક્તિ જ કોઈપણ યુનિવર્સિટીનો કુલપતિ બની શકે. જોકે, શિવેન્દ્ર ગુપ્તા પાસે કોઈ જ શૈક્ષણિક અનુભવ ન હોવા છતાં તેમને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ બનાવી દેવામાં આવ્યા છે. ત્યારે સર્ચ કમિટીના સભ્ય ભાવિન કોઠારીએ પણ કબુલ્યુ છે કે શિવેન્દ્ર ગુપ્તાને કુલપતિ બનાવવા સંઘ તરફથી અમારા પર દબાણ હતુ. જેના કારણે યુજીસીની ગાઈડલાઈનનો ભંગ કરીને પણ તેમને કુલપતિ બનાવવા પડ્યા છે.

### ભાજપ નેશનલ કાઉન્સિલની ૨૩મીથી દિલ્હીમાં બેઠક થશે

નવીદિલ્હી,

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા પોતપોતાની વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે. હાલમાં જ યોજાયેલી રાજ્યસભાની ચૂંટણી ખુબ જ હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ રહ્યા બાદ હવે ભાજપ વિધાનસભાની ચૂંટણીને લઈને વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે તૈયાર છે. આના ભાગરુપે જ ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠક દિલ્હીમાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભાજપ દ્વારા હવે ૨૩મીથી ૨૫મી સપ્ટેમ્બર દરમિયાન તેની રાષ્ટ્રીય કાઉન્સિલની બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણી માટેની વ્યૂહરચના, સંસ્થાકીય બાબતો, પક્ષના માળખાને મજબૂત કરવા અને અન્ય નિર્ણયો આ બેઠકમાં લેવામાં આવે તેવી શક્યતા છે. આ બેઠકમાંવધુ આક્રમક તૈયારીના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ભાજપના નેતાઓએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે ગુજરાતમાં નિરાશાજનક દેખાવની માઠી અસર અન્ય રાજ્યો ઉપર પડી શકે છે. મોદીના પ્લાન ઉપર પણ અસર થઈ શકે છે. ગુજરાત મોડલ થિયરીમાં ગાબડા પડી શકે છે. આવી સ્થિતિમાં ગુજરાતમાં કોઈપણ કિંમતે ધરખમ દેખાવ કરવાનો તખ્તો તૈયાર કરાયો છે.

## સતત બીજા દિવસે ખટ્ટર સરકારને હાઈકોર્ટે ફટકાર લગાવી

# વ્યાપક હિંસા બાદ હવે બાબાને પંચકુલા કોર્ટમાં રજૂ નહીં કરાય

## કાયદો-વ્યવસ્થાને હાથમાં લેનારની સામે કાર્યવાહીની ચેતવણી : ડેરાના ૩૬ આશ્રમ સીલ : તોફાનમાં સામેલ શખ્સોની ઓળખ કરી સંપત્તિ સીલ કરાશે

ચંદીગઢ,

પંજાબ અને હરિયાણામાં સતત બીજા દિવસે હરિયાણા સરકારને જોરદાર ફટકાર લગાવી હતી. પંચકુલા અને સિરસામાં થયેલી આગ અને તોડફોડની ઘટનાઓથી નારાજ કોર્ટે કહ્યું હતું કે, રાજકીય ફાયદા માટે આ હિંસાને તક આપવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ સંગઠન જો કાયદો અને વ્યવસ્થાની સામે જશે તો તેની સામે કઠોર કાર્યવાહી કરાશે. હવે હાઈકોર્ટ દ્વારા મંગળવારના દિવસે ફરી સુનાવણી હાથ ધરવામાં આવશે. ગઈકાલે ડેરા પ્રમુખ બાબા રામ રહીમને બળાત્કારના કેસમાં દોષિત જાહેર કરવામાં આવ્યા હતા ત્યારબાદ ભડકેલી હિંસામાં પંચકુલા અને સિરસામાં ૨૧ લોકોના મોત થઈ ગયા હતા. કોર્ટે સરકારને પ્રશ્ન કર્યો હતો કે, જ્યારે ડેરા પ્રમુખની સાથે આવનાર ગાડીઓની સંખ્યા નક્કી હતી તો તેના કાફલામાં ૧૦૦થી વધારે કાર કઈરીતે પહોંચી ગઈ હતી. કોર્ટને રાજ્ય સરકાર તરફથી માહિતી આપવામાં આવી હતી કે, અધિકારીઓએ આ અંગે જાણ કરી હતી. આનાથી નારાજ કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકાર એવા અધિકારીઓના નામ જાહેર કરે જે અધિકારીઓએ સરકારને ગેરમાર્ગે દોર્યા હતા. શુક્રવારના દિવસે પણ કોર્ટે જોરદાર ફટકાર લગાવી હતી. ઈન્ટેલીજન્સ માહિતી હોવા છતાં સરકારે ભીડને કાબૂમાં લેવા માટે પુરતા પગલા કેમ લીધા ન હતા. કલમ ૧૪૪ લાગૂ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો પંચકુલા કઈ રીતે પહોંચી ગયા હતા.

કોર્ટે હિંસામાં થયેલા નુકસાનની વાત કરતા કહ્યું હતું કે, જે લોકોએ નુકસાન કર્યું છે તે લોકોની ઓળખ કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવશે જેથી નુકસાનની ભરપાઈ કરી શકાશે. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જે લોકોને નુકસાન થયું છે તે લોકોની ભરપાઈ કરવામાં આવશે. ડેરાની તમામ સંપત્તિ સીલ કરી દેવામાં આવે. સંપત્તિઓની એક યાદી તૈયાર કરવામાં આવે જેને આગામી આદેશ સુધી વેચવામાં અથવા તો ટ્રાન્સફર કરી શકાશે નહીં. આ ઉપરાંત પંજાબ અને હરિયાણાના ડેપ્યુટી કમિશનર લોકોને થયેલા નુકસાન માટે ક્લેઈમ પિટિશન લેશે જેથી જજની સામે રજૂ કરીને મુલ્યાંકન કરવામાં આવશે. કલમ ૧૪૪ લાગૂ કરાઈ હોવા છતાં પંચકુલામાં લાખો લોકો એકત્રિત કરવાને લઈને સરકારની આજે ફરી એકવાર ઝાટકણી કાઢવામાં આવી હતી. દરમિયાન ૩૬ ડેરા આશ્રમોને સીલ કરી દેવામાં આવ્યા છે. સિરસાના ડેરાને ખાલી કરાવવાના પ્રયાસ થયા છે. અસામાજિક તત્વો ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે. પોલીસના આદેશ બાદ સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના આશ્રમમાંથી સમર્થકો બહાર નિકળવા લાગી ગયા હતા. મુખ્ય સચિવે આદેશ કરતા કહ્યું હતું કે, ફરજ પર બેદરકારી રાખનાર સામે કાર્યવાહી થશે. શાંતિ સ્થાપિત કરવાને પ્રાથમિકતા આપવામાં આવી છે. આજે ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર જારી રહ્યો હતો. દરમિયાન એવું પણ જાણવા મળ્યું છે કે, હરિયાણાના એડિશનલ એડવોકેટ જનરલને બરખાસ્ત કરી દેવાનો નિર્ણય કરાયો છે. વિડિયો કોન્ફરન્સિગ મારફતે જ હવે આગળની કાર્યવાહી થશે. જેલમાં જ સુનાવણી કરવામાં આવે તેવી શકયતા છે. રામ રહીમનો પંચકુલામાં રજૂ કરાશે નહીં. હરિયાણાના ડીજીપી બીએસ સંધુએ આજે આ મુજબની માહિતી આપી હતી.

## બિહાર પુર : ૫૦૦ કરોડની મદદની મોદી દ્વારા જાહેરાત

પટણા,

પુરથી બરબાદ થયેલા અને હાલ મુશ્કેલીનો સામનો કરી રહેલા બિહારના લોકોની સ્થિતિને સમજવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બિહાર પહોંચ્યા હતા. મોદીએ રાજ્યના પુરપ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. હવાઈ નિરીક્ષણ કર્યા બાદ મોદીએ તરત જ ૫૦૦ કરોડ રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ એવી ખાતરી પણ આપી હતી કે, રસાહત અને બચાવ કામગીરી માટે અન્ય સંબંધિત તમામ મદદ પુરી પાડવામાં આવશે. નુકસાનના મૂલ્યાંકન માટે કેન્દ્રીય અધિકારીઓની ટીમ મોકલવામાં આવશે. મોદી ખાસ વિમાનથી પૂરણિયાના ચુનાપુર વિમાની મથકે પહોંચ્યા હતા જ્યાં મુખ્યમંત્રી નીતિશકુમાર અને નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદીએ સ્વાગત કર્યું હતું. ત્યાંથી મોદી સીધીરીતે હવાઈ સર્વેક્ષણ માટે પહોંચ્યા હતા. તેમની સાથે નીતિશકુમાર અને સુશીલ મોદી ઉપરાંત અધિકારીઓ રહ્યા હતા. મોદીએ સીમાંચલ ક્ષેત્રના જિલ્લાઓનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. અત્રે નોંધનીય છે કે, બિહારમાં પુરની સ્થિતી ચિંતાજજનક બનેલી છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪૦ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને હવે ૪૨૦ ઉપર પહોંચી ગયો છે.

## અખિલેશ અને શરદ યાદવ પણ ખાસ મહારેલીમાં હાજરી આપશે

# લાલૂ આજે પટણા રેલીમાં શક્તિ પ્રદર્શન કરશે : બધી તૈયારી પૂર્ણ

## સોનિયા, રાહુલ ગાંધી, માયાવતી ઉપસ્થિત રહેનાર નથી છતાં વિપક્ષી એકતા દર્શાવીને મહાગઠબંધન અકબંધ હોવાની ખાતરી આપવા લાલૂ યાદવ ઉત્સુક

પટણા,

આરજેડીના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુપ્રસાદ યાદવની પટણા રેલીને સફળ બનાવવા માટે તમામ પ્રયાસ આરજેડી દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેના કાર્યકરો છેલ્લા કેટલાક દિવસથી તૈયારીમાં લાગેલા હતા. લાલુની ભાજપ ભગાવો દેશ બચાવો રેલીમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી બાગ લેનાર નથી. જેથી વિપક્ષની એકતાને રજૂ કરવાની લાલુની યોજના પહેલાથી જ ફલોપ રહી છે. બીજી બાજુ શરદ યાદવ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે. શરદ યાદવ અને નીતિશ કુમાર વચ્ચે ખેંચતાણ વધારે તીવ્ર બની શકે છે. કારણ કે હવે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ શરદ યાદવ માટે જેડીયુના પ્રતિક માટે લડાઈ લડવા માટે કમર કસી ચુક્યા છે. પટણાના ગાંધીન મેદાન ખાતે ૨૭મી ઓગષ્ટના દિવસે લાલુ વિશાળ રેલી યોજવા માટેની તૈયારી કરી રહ્યા છે. વિપક્ષી એકતાની તાકાતનો પરિચય આપવાના તેમના ઈરાદામાં સફળતા ન મળે તેવી વકી છે. ગુરૂવારના દિવસે માયાવતીએ મિડિયા સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે બહુજન સમાજ પાર્ટી પટણા રેલીમાં ભાગ લેનાર નથી. આરજેડીને પહેલાથી જ કહી દેવામાં આવ્યુ હતું કે બહુજન સમાજવાદી પાર્ટી એ વખતે મંચ પર આવશે જ્યારે કહેવામાં આવશે કે કોણ કોણ કેટલી બેઠક પર ચૂંટણી લડશે. આ પહેલાબિહારના ભૂત પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવે કહ્યુ હતુ કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને માયાવતી આ કાર્યક્રમમાં ભાગ લેશે નહી. જો કે કોંગ્રેસ તરફથી ગુલામ નબી આઝાદ અને સીપી જોશી ભાગ લેશે. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી આ કાર્યક્રમમાં હાજરી આપનાર છે.

અખિલેશ અને શરદ પણ હાજરી આપનાર છે. વિપક્ષની એકતા આમાં જોવા મળી શકે છે. ભાજપ ભગાવો દેશ બચાવો રેલીમાં ભાગ લેતા પહેલા નારાજ નેતા શરદ યાદવે કહ્યુ છે કે તેઓ રેલીમાં હાજરી આપવા માટે ઉત્સુક છે. એનડીએમાં સામેલ થવા માટે તેની સાથે નીતિશ કુમારે છેડો ફાડી લીધો હોવા છતાં મહાગઠબંધન અકબંધ છે તે બાબત દર્શાવવા માટે તેઓ રેલીમાં ભાગ લેનાર છે. શરદ યાદવની સામે શિસ્તના પગલાની તલવાર પણ તોળાઈ રહી છે. કારણ કે મહાગઠબંધનની સાથે છેડો ફાડી ભાજપના સહકારની સાથે સરકારની રચના કરી ચુકેલા નીતિશ કુમાર પહેલાથી જ કહી ચુક્યા છે કે જો શરદ યાદવ રેલીમાં ભાગ લેશે તો તેમની સામે શિસ્તના પગલા લેવામાં આવશે. રાજ્યસભામાંથી તેમને ગેરલાયક જાહેર કરવા સહિતના પગલા લેવામાં આવી શકે છે. આ પ્રકારની તમામ ચેતવણી છતાં શરદ યાદવ રેલીમાં ભાગ લેવા માટે ઈચ્છુક છે. નીતિશ કુમાર અને શરદ યાદવ બન્ને લડાયક દેખાઈ રહ્યા છે. શરદ કેમ્પના લોકોએ કહ્યુ છે કે નીતિશ સાથે લાંબી લડાઈના કારણે શરદ કેમ્પના લોકો અલગ થયા છે. આગામી દિવસોમાં શરદ યાદવ અને નીતિશકુમાર વચ્ચે ખેંચતાણ વધે તેવા પ્રબળ સંકેત છે.

તમે વાતને મારી સમજ્યા નથી એક્ચ્યુલી
અમે શ્વાસ લઈને ય જીવ્યા નથી એક્ચ્યુલી
હસીને ભલે આવકારો સદા આપતા હો
તમે પણ કદી દ્વાર ખોલ્યાં નથી એક્ચ્યુલી
ગહનતાનો અભ્યાસ કરવાની આદત છે જૂની
મળે છે જે તળિયે એ ડૂબ્યાં નથી એક્ચ્યુલી
થયો છે ભરાવો જબરજસ્તી આંસુઓ રોકી
જુઓ પોપચાં એના સૂઝ્યાં નથી એક્ચ્યુલી
ન સાંકળની જાતી હજી છાપ કાંડા ઉપરથી
હજી એના બંધનથી છૂટ્યાં નથી એક્ચ્યુલી
ફકત પગને જોઈને એ ઓળખી જાય સૌને
જે આળોટવું ક્યાંય ચૂક્યાં નથી એક્ચ્યુલી

ભાવેશ ભટ્ટ

## રેલીમાં ભાગ લેવા શરદ યાદવ હજુય મક્કમ

# શરદ યાદવ સામે શિસ્તના પગલા લેવાનો તખ્તો તૈયાર

## રાજ્યસભામાંથી ગેરલાયક જાહેર કરવા સહિતના પગલા લેવાશે : શરદ માટે જેડીયુ પ્રતિક લેવા સિબ્બલ સુસજ્જ

પટણા,

જેડીયુના નારાજ નેતા શરદ યાદવ ઉપર હવે શિસ્તને લઈને તલવાર તોળાઈ રહી છે. અનેક પ્રકારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં લાલૂ યાદવની પટણા રેલીમાં હાજરી આપવા માટેની તૈયારી શરદ યાદવે દર્શાવ્યા બાદ હવે પગલા લેવા માટેની તૈયારી પણ કરી લેવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશકુમારે પહેલાથી જ કહ્યું હતું કે, જો શરદ યાદવ લાલૂની રેલીમાં ભાગ લેશે તો તેમની સામે શિસ્તના પગલા લેવામાં આવશે. બીજી બાજુ શરદ યાદવ નીતિશકુમારની ચેતવણીને ફગાવીને રેલીમાં ભાગ લેવા માટે તૈયાર છે. આવી સ્થિતિમાં શરદ યાદવ સામે શિસ્તના પગલાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. બીજી બાજુ મહાગઠબંધનમાં શરદને રાખવા માટે કોંગ્રેસે પણ સાથ આપવાની તૈયારી કરી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ સિબ્બલ જેડીયુના પ્રતિકને શરદ યાદવ માટે મેળવવા ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવાની તૈયારી કરી ચુક્યા છે. તેમની દલીલ છે કે, પાર્ટી મૂળભૂતરીતે શરદ યાદવ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. આની સાથે જ સમાંતર કાયદાકીય લડત માટેનો તખ્તો પણ ગોઠવાઈ ગયો છે. શરદ યાદવની રાજ્યસભામાંથી હકાલપટ્ટી કરવા સહિતના પગલા નીતિશ કેમ્પ દ્વારા લેવામાં આવી શકે છે.

## રાજ્યસભા ચૂંટણીના એનસીપીના મતોનો વિવાદ

# એનસીપીનું ઉઠમણું થયું : ૧૮ આગેવાનોએ અંતે છેડો ફાડ્યો

## પક્ષના હાઈકમાન્ડ પ્રફુલ પટેલે એનસીપીના બે મતો કોને મળ્યા તે સ્પષ્ટ ન કરતાં એનસીપીમાંથી રાજીનામા પડ્યા

અમદાવાદ,

ગુજરાતમાં રાજયસભાની થોડા સમય પહેલાં યોજાયેલી ચૂંટણી વખતે એનસીપીના બે મતોને લઈ ભારે વિવાદ સર્જાયો હતો. એનસીપીના હાઈકમાન્ડ એવા પ્રફુલ પટેલે એનસીપીના બે મતો કોને મળ્યા તે મુદ્દે આજદિન સુધી વારંવારની પૃચ્છા અને મુલાકાત છતાં સ્પષ્ટતા નહી કરતાં ગુજરાતના એનસીપીના નારાજ નેતાઓ અને આગેવાનોએ આજે એક અસાધારણ ઘટનાક્રમમાં એનસીપી સાથેનો છેડો ફાડી નાંખ્યો હતો. આ સાથે જ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની લડાઈ અને રાજકારણની કશ્મકશ વચ્ચે એનસીપીના વિવાદનો એક નવો ફણગો ફુટયો છે. એનસીપીના ગુજરાતના પ્રવકતા મનહર પટેલ, કોર કમીટીના સભ્ય વિજય ગઢવી સહિતના ૧૮ આગેવાન નેતાઓએ આજે એકસાથે એનસીપી સાથે છેડો ફાડવાની સત્તાવાર જાહેરાત કરતાં ગુજરાતમાં એનસીપીનું ઉઠમણું થઈ ગયું છે. આ ૧૮ મોટા માથાઓ સાથે તેમની સાથે સંકળાયેલા પંદરથી વીસ હજાર જેટલા કાર્યકરો પણ એનસીપી સાથેનો છેડો ફાડી નાંખે તેવી પૂરી શકયતા છે. જેને લઈ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રફુલ પટેલે ૧૮૨ બેઠકો પરથી એનસીપીના ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરી હતી ત્યારે એનસીપીને ચૂંટણી લડવાના અને ગણ્યીગાંઠી બેઠકો જીતવાના સપના પર જાણે આજે ઠંડુ પાણી રેડાઈ ગયું હતું. એનસીપી હાઈકમાન્ડ દ્વારા આજે ગુજરાતના પક્ષના પ્રવકતા મનહર પટેલને સસ્પેન્ડ પણ કરી દેવાયા હતા. જો કે, તેમણે સામેથી જ પક્ષ છોડવાની જાહેરાત કરી દીધી હતી. એનસીપીના ગુજરાતના પ્રવકતા મનહર પટેલ અને કોર કમીટીના સભ્ય વિજય ગઢવીએ જણાવ્યું હતું કે, રાજયસભાની ચૂંટણી વખતે પક્ષના હાઈકમાન્ડ દ્વારા ઓન પેપર લેખિતમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલને મત આપવાનો વ્હીપ જારી કર્યો હતો પરંતુ બીજીબાજુ, હાઈકમાન્ડ દ્વારા ફોન કરીને એનસીપીના ધારાસભ્યોને ભાજપને મત આપી દેવાની ગંદી રાજનીતિ ખેલાય છે. જેના કારણે આજદિન સુધી આ વાતને લઈ ભારે અસમંજસની અને અસ્પષ્ટતાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે કે, એનસીપીના બે મતો મળ્યા કોને? પ્રજા પણ અમને પૂછી રહી છે, અમે વિશ્વાસથી તમને જીતાડયા છે ત્યારે તમારા ધારાસભ્યોએ મતો કોને આપ્યા પરંતુ અમે પ્રજાના આ પ્રશ્નોનો જવાબ આપી શકતા નથી. કારણ કે, પક્ષના હાઈકમાન્ડને વારંવારની પૃચ્છા અને રજૂઆત છતાં તેનો જવાબ અમને હજુ સુધી અપાયો નથી.

છેલ્લે તા.૧૮મી ઓગસ્ટે અમદાવાદમાં પ્રફુલ પટેલ સાથેની બેઠકમાં અમે આ વાતનો જવાબ માંગ્યો ત્યારે તેમણે પણ જવાબ આપવામાંથી હાથ ઉંચા કરી દીધા હતા. એનસીપી ગાંધી મૂલ્યોની રખેવાળી કરવાવાળી અને જનસેવા કરવાવાળી પાર્ટી છે, તે પાર્ટીમાં આવા ફાસીવાદી અને તકવાદી વિચારો ચાલે નહી. રાજકારણમાં બેમોઢાની વાતો ચાલે નહી. એકબાજુ લેખિતમાં ઓનપેપર અલગ વ્હીપ અને ફોન પર બીજા વ્હીપની વાત ગુજરાતના રાજકારણમાં અને ગુજરાતની પ્રજાને સ્વીકાર્ય નથી. અમે પણ એવા પક્ષ સાથે રહેવા નથી માંગતા કે જે ગુજરાતના આગેવાન નેતાઓને વિશ્વાસમાં લીધા સિવાય પોતાની રીતે નિર્ણય અને વાતો કરે અને તે પણ બેમોઢાવાળી. પ્રફુલ પટેલ એમ કહે છે કે, એક મત કોંગ્રેસને મળ્યો છે. જો કોંગ્રેસને મત મળ્યો હોય તો એહમદભાઈ અને કોંગ્રેસપક્ષ એનસીપીનો આભાર તો માને ને પરંતુ સાચા અર્થમાં તેવું થયું નથી. તેમણે ઉમેર્યું કે, એનસીપીના ધારાસભ્યોના મતો કોને પડયા એવું પૂછવાનો અમને અધિકાર નથી શું? વાસ્તવમાં પક્ષના હાઈકમાન્ડને ગુજરાતના નેતાઓ અને આગેવાનોમાં વિશ્વાસ ન હતો કારણ કે, જો વિશ્વાસ હોત તો, રાજયસભાની ચૂંટણી વખતે એજન્ટ તરીકે ગુજરાતના બદલે મહારાષ્ટ્રમાંથી એજન્ટની નિયુક્તિ કેમ કરી? ચૂંટણી ગુજરાતની રાજયસભાની હતી. અમે મતો મુદ્દે હાઈકમાન્ડને પૂછયું તો અમારો અવાજ દબાવી મોંઢું ચૂપ કરાવાય છે અને સસ્પેન્ડ કરી દેવાય છે, તેથી હવે આવી ફાસીવાદી અને તકવાદી વિચારધારાવાળી પાર્ટીમાં કામ કરવું અમારા માટે શકય નથી. અમારી સાથે એનસીપીના ગુજરાતના પંદરથી વીસ હજાર કાર્યકરો પણ પક્ષ સાથેનો છેડો ફાડી નાંખશે તે નક્કી છે. એનસીપી સાથે છેડો ફાડી હવે તમે કયાં જોડાશો, ભાજપ કે કોંગ્રેસ એવા પ્રશ્નના જવાબમાં મનહર પટેલે જણાવ્યું કે, હજુ તે અંગે અમે નિર્ણય કર્યો નથી પરંતુ આગામી દિવસોમાં કાર્યકરો અને પક્ષના બીજા માણસો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ બધાને વિશ્વાસમાં નિર્ણય લઈશું.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ

અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ,
હલીમની ખડકી પાસે, શાહપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

## રાહમ રહીમની કાળી દુનિયાની વિગત ખુલી

# સાધ્વી સાથે રેપને પિતાજી કી માફી કોડ નામ અપાયુ

ચંદીગઢ,

ડેરા પ્રમુખ બાબા રામ રહીમની જેલના સળિયા પાછળ પહોંચી જવા પાછળની વાર્તા ખુબ લાંબી છે. તેમની કાળી દુનિયા રહેલી છે. જ્યાં સાધ્વીઓ પર રેપને પિતાજી કી માફી કોડ નામ આપવામાં આવ્યુ હતુ. રેપની શિકાર થયેલી એ બે મહિલાઓને પણ યાદ રાખવાની જરૂર છે. રેપ થયાના આશરે ૧૦ વર્ષ બાદ આ મહિલાઓના નિવેદન વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ વચ્ચે નોંધવામાં આવ્યા હતા. આ મહિલાઓએ પોતાના નિવેદનમાં પોતાની પિડા અને અપમાનનો ઉલ્લેખ કર્યો હતો. જે પિડા અને અપમાનનો સામનો આ મહિલાઓને બાબાના આશ્રમમાં કરવો પડ્યો હતો. સીબીઆઈ જજની સામે શપથ લઈને આપવામાં આવેલા નિવેદનમાં સાધ્વીોએ સમગ્ર ઘટનાક્રમનો ઉલ્લેખ કર્યો હતો. સાધ્વીઓ તરફથી કહેવામાં આવ્યુ છે કે કઈ રીતે શક્તિશાળી બાબા તેમની સાથે અને ડેરાની અન્ય મહિલાઓ પર પોતાની ગુફામાં રેપ કરતો હતો. આશ્રમમાં બાબાના આવાસને ગુફા તરીકે નામ આપવામાં આવ્યુ હતુ. નિવેદન મુજબ ભોગ બનેલી મહિલાઓએ કહ્યુ છે કે બાબા કઈ રીતે પોતાના પ્રભાવને દર્શાવીને પોતાને એક ભગવાન તરીકે રજૂ કરતો હતો. સાધ્વીઓએ કહ્યુ છે કે બાબાના ચેલાઓ બળાત્કાર માટે માફી શબ્દનો ઉપયોગ કરતા હતા. જ્યારે બાબા જ્યાં રહેતા હતા ત્યાં માત્ર મહિલાઓને જ તૈનાત રાખવામાં આવતી હતી. પીડિત મહિલાઓએ કહ્યુ છે કે બાબા ખુબ અપમાનિત કરતા હતા. પીડિત મહિલાઓનુ કહેવુ છે કે મોટા ભાગની યુવતિઓ આશ્રમમાં રહેવા માટે એટાલ માટે પણ મજબુર હતી કે તેમના પરિવારના સભ્યો બાબાના આંધળા ભક્ત તરીકે હતા. ફરિયાદ કરવામાં આવી હોવા છતાં પરિવારના સભ્યો સાંભળતા ન હતા. હરિયાણાના યમુનાનગરમાં રહેનાર મહિલાએ સીબીઆઈ જજ એકે વર્માની સામે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૯ના દિવસે નિવેદન નોંધાયુ હતુ. તેના કહેવા મુજબ તે પોતાના ભાઈના કારણે જુલાઈ ૧૯૯૯થી ડેરામાં રહેતી હતી. મોડેથી પોતાની બહેન માટે ન્નાય મેળવવા માટેની લડાઈમાં ભાઈની હત્યા કરી દેવામાં આવી હતી.